**ડાયરેક્ટ ❤ સે**

ચિહ્ન વિરામનું
એકપણ મળ્યું નહીં
કોણે લખી છે જિંદગી
વ્યાકરણ વિના !

## જન્મદિને વધામણી



**ભાવિન પટેલ**
સંચાલક, પનઘટ કલા કેન્દ્ર
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૭૯૦ ૫૭૫૫૬



**ડો. ભાગીરથી કેતન ભટ્ટ**
અધ્યાપક, રાષ્ટ્રભાષા કોલેજ,
એલિસબ્રિજ, અમદાવાદ
મો. ૯૪૨૬૫ ૭૨૦૪૧



**શોભનાબા અર્જુનસિંહ વાઘેલા**
ટ્રસ્ટી, શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય, ગાંધીનગર
મો. ૯૪૨૮૨ ૧૭૫૪૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# અનન્ય વિદ્યાલયના વિદ્યાર્થીઓ 'ટેક્વોન-ડો' સ્પર્ધામાં ઝળક્યા



મહર્ષિ સાંદીપની સ્કૂલ, અમદાવાદ ખાતે આયોજિત ટેક્વોન ડો ચેમ્પિયનશીપમાં કલોલની અનન્ય વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને ૩ ગોલ્ડ મેડલ, ૩ સિલ્વર મેડલ, ૫ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યા હતા. કોચ અજય જાડેજાના માર્ગદર્શન હેઠળ અન્વી જી દેસાઈ, આલોક એમ મકવાણા અને શશાંક એ રાજપૂતે ગોલ્ડ મેડલ, જય એન રાવ, જોય એ પટેલ અને રૂદ્ર બી દવેએ સિલ્વર મેડલ તથા અંશ વી નાયી, નીતિન પી યાદવ, ઋષિ એસ પટેલ, નવીન એસ ઘાર્ઘરવાલ અને વેદ પી પટેલે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. આચાર્ય ડૉ. મમતાબેન ભટ્ટ દ્વારા સમગ્ર શાળા પરિવાર વતી વિજેતા વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીનો વાર્ષિકોત્સવ યોજાયો






## ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી લેવલે વિન્ટર-૨૦૧૭ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા તેજસ્વી વિદ્યાર્થીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૨૦

શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, ભાટનો વાર્ષિકોત્સવ 'નિજાનંદ-૨૦૧૮' ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વેલ ટેક ઈન્ડસ્ટ્રીઝના ગૌતમ શાહ, ટેક માઈક્રાના પલ્લવ મામતોરા, ખોડિયાર ઈન્ફોટેકના જિજ્ઞેશ પટેલ, હિન્દુસ્તાન સ્કાઉટ એન્ડ ગાઈડના ડિરેક્ટર કિશોર ચૌહાણ, શાસ્ત્રી રામકૃષ્ણ સ્વામી અને ડિરેક્ટર ધર્મેશ વંડરા દ્વાર વર્ષ દરમિયાન રાજ્ય સ્તરે અને દેશ સ્તરે વિજેતા વિદ્યાર્થીઓને મૅડલ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

સ્ત્રી સશક્તિકરણના શિર્ષક હેઠળ 'બેટી બચાવો', દીકરીઓને સૅલ્ફ ડિફેન્સની તાલીમ અને ભ્રૂણ હત્યા અટકાવવા તેમજ લવ યુ મમ્મી-પપ્પા જેવી નાટ્ય અને નૃત્યની કૃતિઓની રજૂઆત કરવામાં આવી હતી. શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીની વિદ્યાર્થિની નીતિ પારેખ કે જે હિન્દુસ્તાનમાં પસંદગી પામી છે તેમજ મુદ્રા નાયક જે સ્તરે રાઈફલ શૂટિંગમાં પ્રથમ વિજેતા બની હતી, તેને બિરદાવવામાં આવી હતી. આ જ રીતે રાજ્ય સ્તરે વિજેતા વિદ્યાર્થીઓને એવોર્ડ આપવામાં આવ્યા હતા અને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી લેવલે વિન્ટર-૨૦૧૭ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા તેજસ્વી વિદ્યાર્થીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. સંસ્થા દ્વારા દરેક સ્તરે વિદ્યાર્થીઓને પ્લેટફોર્મ આપી આ બુદ્ધિજીવી યુવાનો જાહેર જીવનનાં ક્ષેત્રોમાં આગળ આવે અને ન્યુ ઈન્ડિયાનું સ્વપ્ન સાકાર કરવાનો પ્રયત્ન કરે છે.

# જીવનમાં સફળ થવું હોય તો ઑપ્શન રાખશો નહીં





ગાંધીનગર, તા. ૨૦

જીવનમાં સફળ થવું હોય તો ઑપ્શન રાખશો નહીં એવી શીખ પદ્મશ્રી અરુણિમા સિંહાએ ગાંધીનગર ખાતે યુવા વિદ્યાર્થીઓને આપી હતી.

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ૨૦ જેટલી કૉલેજના વિદ્યાર્થીઓને સંબોધન કરતાં ઍવરેસ્ટ સર કરનાર અરુણિમા સિંહાએ જણાવ્યું હતું કે વ્યક્તિ નકારાત્મક બોલે ત્યારે નકારાત્મકતા તેમના પર હાવી થઈ જાય છે અને એ કારણે સફળતા તેનાથી જોજનો દૂર જાય છે. હા, નકારાત્મકતાથી કહેવાયેલા શબ્દોને સકારાત્મક રીતે સ્વીકારવામાં આવે તો જીવનને સાર્થક બનાવી શકાય છે. પોતાના જીવનના અનુભવો ટાંકીને તેમણે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે જીવનમાં રિસ્ક ન લેવું જ મોટું રિસ્ક છે, માટે રિસ્ક લેતાં શીખો. જીવનના પડકારો સામે બાથ ભીડવામાં આવે તો જ સફળ થવાય છે.

ખીમજી વિશરામ હૉલ, સર્વ વિદ્યાલય પરિસર, સૅક્ટર-૨૩, ગાંધીનગર ખાતે આયોજિત આ કાર્યક્રમમાં કડી અને ગાંધીનગરની કૉલેજોના ૧૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રૅસિડેન્ટ વલ્લભભાઈ એમ પટેલ, ડિરેક્ટર ગાર્ગી રાજપરા, શ્રી રામક્રિષ્ન આશ્રમ, રાજકોટના અધ્યક્ષ સ્વામી નિખિલેશ્વરાનંદ ઉપસ્થિત રહ્યા હતા.


કાર્યક્રમનું સંચાલન પ્રૉ. ધર્મેન્દ્ર પટેલ દ્વારા વિદ્યાર્થી રોનક કડિયા, સુરજ મુંજાણી, મનન પટેલ, આરતી પટેલ, બિનલ પટેલ, રાહુલ સુખડિયા, તન્મય પટેલ અને વિદ્યાર્થીઓની સહાયથી કર્યું હતું.

બિલેશ્વરપુરા પ્રાથમિક શાળામાં પર્પઝ ઓફ લિવિંગ સંસ્થાની ટીમ દ્વારા વિદ્યાર્થીઓને સ્ટેશનરી કિટ આપવાનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાને એક વર્ષ પૂર્ણ થતાં ૧૫૦ વિદ્યાર્થીઓને આ કિટ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન બિલેશ્વરપુરા પ્રાથમિક શાળાનાં શિક્ષક મિત્તલબેન એસ પંડ્યા અને પર્પઝ ઓફ લિવિંગના સભ્ય પરીક્ષિત પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું. ગામના સરપંચ ગંભીરજી ઠાકોર પણ હાજર રહ્યા હતા. એસએમસીના સભ્યો તથા શાળા સ્ટાફે કાર્યક્રમમાં ઉપસ્થિત રહી કાર્યક્રમને શોભાવ્યો હતો. પર્પઝ ઓફ લિવિંગ ટીમના સભ્ય પરીક્ષિત



ચંદ્રકાન્ત પંડ્યા, રજતસિંહ, શ્રીજીત, રવિ ચૌહાણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. આ ટીમ જરૂરિયાતમંદ બાળકોને કપડાં, પુસ્તકો તથા ફી વગેરેમાં મદદ પૂરી પાડી સેવાનાં કાર્યો કરે છે. આ ટીમ દરેક જગ્યાએ પોતાનાં કૌશલ્યો જેવા કે સિંગિંગ, નાટક દ્વારા ભંડોળ ઊભું કરીને જરૂરિયાતમંદોને મદદ કરવાનું કાર્ય કરે છે.

# રંગત ચૅરીટેબલ ટ્રસ્ટ દ્વારા દિવ્યાંગોને નાસ્તાનું વિતરણ



તાજેતરમાં 'રંગત ચૅરીટેબલ ટ્રસ્ટ'ના હોદ્દેદારો દ્વારા દિવ્યાંગ બાળકોને નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. રાંધેજા ગામ ખાતે સ્થિત 'રંગત ચૅરીટેબલ ટ્રસ્ટ' એ યુવાઓની સંસ્થા છે, જે આગામી સમયમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓથી સમાજ ઉપયોગી કાર્યો કરવા પ્રતિબદ્ધ છે, એમ સંસ્થાના ટ્રસ્ટીઓએ જણાવ્યું છે.



અમદાવાદના ખોખરા સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે તારીખ ૧૧-૩-૨૦૧૮ના રોજ ગુજરાત સરકાર દ્વારા યોજાયેલ ૨૭મી સ્ટેટ ટાઈકવોન્ડો ચૅમ્પિયનશીપમાં અમદાવાદની ચોથા ધોરણમાં અભ્યાસ કરતી દિયા પટેલે ૨૭થી ૨૯ કિ.ગ્રા. વેઈટ કેટેગરીમાં બ્રૉન્ઝ મેડલ મેળવેલ છે. કોચ રાજેશભાઈ ચાવડા સહિત તેના પરિવારજનોએ દિયાને અભિનંદન પાઠવ્યા હતા.

# કવિ ચિનુ મોદીની પ્રથમ પુણ્યતિથિએ સ્મૃતિ વંદના અને કવિસંમેલન યોજાયું

## ચિનુ અકાદમીની સ્વાયત્તાના નામે અંતિમ સમયમાં ન દુભાયો હોત તો સારું હતું : ડૉ. સુમન શાહ

ગાંધીનગર, તા. ૨૦

કવિ ચિનુ મોદી 'ઈર્શાદ'ની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા સોમવારે સ્મૃતિ વંદના અને કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તેમના મિત્રો સુમન શાહ, વિજય પંડ્યા, મણિલાલ હ. પટેલ તેમજ ભાગ્યેશ જહાએ સંસ્મરણો વાગોળ્યા હતાં. સુમન શાહે જણાવ્યું કે, અકાદમીની સ્વાયત્તતાના નામે એ દુઃભાયો અને એનાથી અમે પણ દુભાયા. વર્ષોના સંબંધો કપાઈ ગયા. એ દુઃખ એને છેલ્લા દિવસોમાં ન મળ્યું હોત તો સારું હતું. તેમના મિત્રોએ તેમની એકલતાને પોતાનો પ્રેમ બનાવીને સાહિત્ય સૃષ્ટિ સર્જવાની બાબત તેમજ તેમના યુવા કવિઓને બિરદાવવાની બાબત પર ખાસ ભાર મુક્યો હતો. આ પ્રસંગે તેમના પુત્ર ઈંગિત મોદીએ પણ પ્રાસંગિક વાત કરી હતી. તેમજ વિષ્ણુ પંડ્યાએ આ ઉપક્રમને ચિનુ મોદી પ્રત્યેના સન્માનની અંજલિ ગણાવી હતી. જ્યારે કલાકારો અર્ચન ત્રિવેદી અને નિસર્ગ ત્રિવેદીએ ચિનુ મોદીના નાટકો માટે લખેલાં ગીતો રજૂ કર્યા હતાં. કવિ સમેલનમાં ભાગ્યેશ જહા, પ્રતાપસિંહ ડાભી, મણિલાલ હ. પટેલ, રમેશ ચૌહાણ, તુષાર શુક્લ, યજ્ઞેશ વ્યાસ, જિતેન્દ્ર જોષી, ચંદ્રેશ મકવાણા, તેજસ દવે તેમજ મનિષ પાઠકે કવિતાઓ રજૂ કરી હતી. આ કાર્યક્રમના સંચાલનકવિ હરદ્વાર ગોસ્વામીએ કર્યું હતું.

## એ ગીત કોઈ ગાશે ત્યારે રડી પડાશે

- હારનો તો ઠીક પણ છે જીતનોયે અણગમોવૃદ્ધ બોલ્યો કોર્ટમાં આ એવો જૂનો કેસ છે..... તેજસ દવે.
- લે ભરી લે આજ તડકો મનભરી તું બાથમાંશું ખબર કાલે હશે પેટન્ટ કોના હાથમાં..... રમેશ ચૌહાણ.
- સ્ટ્રીટ લાઈટના અજવાળામાં અલ્ઝાઈમરનો દોષકોણ વાંચવા બેસે અહીંયા કયા જનમના કોષ..... ભાગ્યેશ જહા.
- જે સાંજ પર ટકી છે મારી ઉદાસ સાંજો એ ગીત કોઈ ગાશે ત્યારે રડી પડાશે..... ચંદ્રેશ મકવાણા.
- વાસુ ઉઘાડુ રોજ કમાડ હું પોથિના પાનાના થરમનના માન્યુ ખૂબ મનાવ્યું ધરતીનો છેડો ઘર..... યજ્ઞેશ વ્યાસ.
- એ ગઝલના ઘૂંટની ધારે હવે મળશે નહીંકનોરીયામાં હર શનિવારે હવે મળશે નહિ..... પ્રતાપસિંહ ડાભી 'હાકલ'.
- ઘર ગણું છું એટલે ભાડું ભરું છું, ઘર મળે બીજું પછી ખાલી કરું છું..... મનિષ પાઠક 'શ્વેત.'

# વ્યક્તિ પોતે જ અર્જુન, પોતે જ સારથિ અને પોતે જ પોતાને ગીતાજ્ઞાન આપવું પડે

**આવો જીવીએ શાનદાર**
**વિનોદ અમલાણી**
vamlani2000@yahoo.co.uk

એક વિખ્યાત ફિલ્મ અભિનેત્રીની પહેલી હિન્દી ફિલ્મ વર્ષ ૧૯૭૯માં રજૂઆત પામી. હિન્દી ફિલ્મ પહેલા એ અભિનેત્રીની વિવિધ ભારતીય ભાષાઓમાં ઘણી ફિલ્મો રજૂઆત પામી હતી અને સફળ પણ રહી હતી. અભિનેત્રીની પહેલી હિન્દી ફિલ્મમાં તેના સુંદર, સશક્ત અભિનયથી આકર્ષિત થઈને એક યુવાન જે ફિલ્મ નિર્માતા અને દિગ્દર્શક શક્તિ સામંત સાથે રહીને ફિલ્મ નિર્માણ વિષે શીખતા હતા. એ યુવાને મન ને મનમાં નક્કી કરી લીધું કે પોતે જ્યારે સ્વતંત્ર રીતે મોટા બજેટની ફિલ્મનું નિર્માણ કરશે ત્યારે એ ફિલ્મમાં હિરોઈન તરીકે એ જ અભિનેત્રીને ભૂમિકા આપશે.

લગભગ આઠેક વર્ષ પછી સ્વતંત્ર રીતે એક મોટા બજેટની ફિલ્મનુ નિર્માણ કરવાનું યુવાને નક્કી કર્યું. પેલો મનમાં નક્કી કરેલો નિર્ણય હજુ નિશ્ચિત જ હતો. આટલા વર્ષોનાં સમયગાળા દરમિયાન પેલી અભિનેત્રીએ એકાદ ડઝન સફળ ફિલ્મોમાં અભિનયના ઓજસ પાથરીને પોતાનું સ્થાન જમાવી દીધું હતું અને એ અભિનેત્રીને મોં માગી ફી પણ મળતી હતી. એ સમયે હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં કદાચ સૌથી વધારે ફી લેતી એ અભિનેત્રી હતી.

પેલા યુવાને નક્કી કર્યા મુજબ પોતાની ફિલ્મમાં અભિનય કરવા માટે એ અભિનેત્રીને પ્રસ્તાવ મૂક્યો. પેલી અભિનેત્રનો આર્થિક વહીવટ તેની માતા કરતી હોય અભિનેત્રીએ પેલા યુવાનને તેની માતાનો સંપર્ક કરવા કહ્યું. પેલા યુવાને અભિનેત્રીની માતાનો સંપર્ક કર્યો. પોતાનો પ્રસ્તાવ મૂક્યો. અભિનેત્રીની માતાને થયું કે પોતાની દીકરી એક સ્ટાર બની ચૂકી છે એટલે આ નવોદિત નિર્માતાની ફિલ્મમાં ખાસ દમ નહીં હોય એમ માનીને તેને ના કહેવાને બદલે પોતાની દીકરીની ફિલ્મમાં કામ કરવાની ફીનો આંકડો અધધધ કહી શકાય એવો દસ લાખનો કહ્યો. એ સમયે દસ લાખ રૂપિયાની ફી ખૂબ જ ઊંચી ગણાતી. ફીનો આંકડો સાંભળીને થોડીવાર માટે તો યુવાનના હોશ ઊડી ગયા. છતાં પોતે એક નિશ્ચય જ કર્યો હતો એટલે પોતાના નિશ્ચયને દ્રઢપણે વળગી રહીને કહ્યું કે પોતે ફીની દસ લાખ તો નહીં આપે પણ દસ લાખને બદલે અગિયાર લાખ આપશે. યુવાન નિર્માતાનો જવાબ સાંભળ્યા પછી અભિનેત્રીની માતા પાસે ના કહેવાનું કોઈ જ કારણ ના રહ્યું. બંને વચ્ચે કરાર થયા. ફિલ્મ બની, રજૂઆત પામી અને સુપર ડુપર સફળ થઈ. સમય જતાં એ જ નિર્માતા અને એ જ અભિનેત્રી લગ્ન ગ્રંથીથી પણ જોડાયા.

એ અભિનેત્રીની પહેલી હિન્દી ફિલ્મ હતી ' સોલવા સાવન' એ યુવાન નિર્માતા બોની કપૂર. એ નિર્માતાની ફિલ્મ 'મી. ઈન્ડિયા ' અને એ અભિનેત્રી બીજી કોઈ નહીં પણ સ્વ. શ્રીદેવી.

વ્યક્તિ પોતાના રોજ-બ-રોજના જીવનમાં ઘણાબધાં નિર્ણયો કરતી હોય છે. કેટલાક નિર્ણયો વર્તમાને લાગુ પડતાં હોય છે તો કેટલાક ભવિષ્યને. એક નિર્ણય લીધા પછી જીવનમાં ઘણીબધી મુશ્કેઓ આવી શકે છે અને એવું પણ બને કે એ મુશ્કેલીઓને પાર ના કરી શકવાને કરેણ વ્યક્તિ પોતાના નિર્ણયો બદલી નાખતી હોય છે. એક નિર્ણય બદલ્યા પછી ક્યારેક વ્યક્તિએ ફરી પાછો એકડો ઘૂંટવો પડતો હોય છે. આ સમયે વ્યક્તિ માટે ફરી પાછો એકડો ઘૂંટવાને બદલે ભલે કેટલીક મુશ્કેલીઓ આવે છતાં અગાઉથી લીધેલા નિર્ણયો મુજબ ચાલવું ક્યારેક વધારે સરળ બનતું હોય છે. વ્યક્તિ જ્યારે કોઈપણ પ્રકારના નિર્ણયો લે છે ત્યારે નિર્ણય ની સાથેસાથે દ્રઢ નિશ્ચય પણ હોય તો વ્યક્તિ પોતાના નિર્ણયમાથી ડગી શક્તિ નથી. નિર્ણયો લેવા જરૂરી છે એટલું જ જરૂરી એ નિર્ણયોને વળગી રહેવાનું છે . નિશ્ચયશક્તિ વિનાની નિર્ણયશક્તિ અર્થહીન છે. વ્યક્તિનો નિશ્ચય સાથેનો એક સાચો નિર્ણય તેના ભવિષ્યને ઉજાળે છે અને એક ખોટો નિર્ણય ભવિષ્યને બગડી પણ શકે છે.

વ્યક્તિ પોતાના જીવનનું એક ધ્યેય નક્કી કરે, એ ધ્યેય સિધ્ધ કરવા માટે નાનામોટા નિર્ણયો લે, એ નિર્ણય પ્રમાણે કર્યો કરવા માટે યૌગી સમયની રાહ જુવે અને ધીરજ ધરે. જ્યારે એ ધ્યેય સિધ્ધ કરવા માટેની ઘડી આવી પહોંચે ત્યારે અચાનક કોઈ આપતિ આવે, કોઈ મુશ્કેલી આવે, કોઈ રૂકાવટ આવે, કઈક ખલેલ પહોંચે, કોય કાર્યને અટકાવતું હોય એવું લાગે, કઈક અવરોધ આવે, ત્યારે, હા ત્યારે જ વ્યક્તિની સાચી કસોટી થાય છે. એ કસોટી હોય છે વ્યક્તિની નિશ્ચયશક્તિની, તેની ધીરજની. એ કસોટી હોય છે વ્યકિતની સાહસવૃતિની અને હિમ્મતની. વ્યક્તિ સામે અવરોધો, મુશ્કેલીઓ, રૂકાવટ આવે છે ત્યારે તેની પાસે ફરી નિર્ણય લેવા માટે બહુ ઓછો સમય હોય છે. એ ઓછા સમયમાં જ તેણે 'હા'' કે ''નાં'' નક્કી કરવાનું હોય છે. એ ક્ષણ જ તેનું ભવિષ્ય નક્કી કરે છે. આવેલી કસોટી, કટોકટીની ક્ષણે વ્યકિત હિમ્મત હારી જાય, નાસીપાસ થઈ જાય, મહાભારતના યુધ્ધ સમયે જેમ અર્જુને હથિયાર હેઠા મૂકી દીધા હતા એમ હથિયાર હેઠા મૂકીને બેસી જાય તો બસ, ત્યાં જ તેના ભવિષ્ય આગળ પૂર્ણવિરામ મુકાઈ જાય છે.

અર્જુનને કૃષ્ણ જેવા સારથિ મળ્યા એવા સારથિ દરેક વ્યક્તિને નથી મળતાં જે અણીના સમયે ગીતજ્ઞાન આપીને વિષાદયોગમાથી ઊગારે. વ્યક્તિએ પોતે જ અર્જુન અને પોતે જ પોતાના સારથિ બનવું પડે છે અને પોતે જ પોતાની જાતને ગીતજ્ઞાન આપવું પડે છે.

બોની કપૂરને પણ પોતાની ફિલ્મ નિષ્ફળ જવાનો ભય લાગ્યો હશે. શ્રીદેવીને અધધધ ફી ચૂકવવા બોની કપૂર ઉપર કેટલાયે લોકોએ માછલા ધોયા હશે. બોની કપૂરના બજેટમાં પણ ઘણો બધો વધારો થઈ ગયો હશે પણ વર્ષો પહેલા પોતે જોયેલું સપનું સાકર કરવાની તક મળી હતી એ તક જો જતી કરી હોત તો કદાચ ''મી. ઈન્ડિયા'' જે રીતે સફળ થઈ એવી સફળ ના થઈ હોત. શ્રીદેવી સાથે મિલન ના થયું હોત, બંને પતિ-પત્ની ના બન્યા હોત. એક નિર્ણય વ્યક્તિને ક્યાં થી ક્યાં લઈ જઈ શકે છે તેનું આ જ્વલંત ઉદાહરણ. વ્યક્તિ જે કઈ નિર્ણય લે, વ્યક્તિએ તેના નિર્ણયને વળગી રહે, પોતાના નિર્ણયને ચાહે, પ્રેમ કરે, પોતાના નિર્ણયમાં દિવ્યતા ના દર્શન કરે તો તેને કોઈ જ હરાવી શકે નહીં, તેની પાસેથી કોઈ વિજય છીનવી શકે નહીં.

